# વિગતવાર ટેન્ડર નોટીસ

| માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડના વિવિધ દૂધ શીત કેન્દ્ર/બી.એમ.સી./સી.સી. ઉપરથી ડેરી પ્લાન્ટ સુધી ઈન્સ્યુલેટેડ ટેન્કર દ્વારા દૂધ પરિવહન માટે ટેન્ડર નોટીસ | | |
|---|---|---|
| ૧. | કામગીરી માટેનું સ્થળ : | માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડના વિવિધ ડેરી બી.એમ.સી./સી.સી./પ્લાન્ટ |
| ૨. | ટેન્ડર મેળવવા તથા જમા કરાવવાનું સરનામું : | માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ ,ઉજો અને જથો માળ, સાકાર બિલ્ડિંગ, રાજકુમાર કોલેજની સામે, ડો. રાધાક્રિષ્નન રોડ, રાજકોટ–૩૬૦૦૦૧ રવિવાર તેમજ રજાના દિવસો સિવાય સવારે ૧૦:૦૦ કલાક થી સાંજના ૫:૦૦ કલાક સુધી. www.maahimilk.com |
| ૩. | ટેન્ડર મેળવવાની તારીખ તથા અવધી : | ૨૮/૦૧/૨૦૨૩, શનિવાર સવારે ૧૦:૦૦ કલાક થી ૧૧/૦૨/૨૦૨૩, શનિવાર સાંજના ૫:૦૦ કલાક સુધી ટેન્ડર નીચેની વેબસાઈટ પરથી પણ ડાઉનલોડ કરી શકાશે. www.maahimilk.com |
| ૪. | ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ : | ૧૩/૦૨/૨૦૨૩, સોમવાર સાંજના ૬:૦૦ કલાક સુધી. |
| ૫. | ટેન્ડર ફી : (નોન રિફંડેબલ) | રૂ.૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા) નો ડી.ડી. માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડના નામનો – રાજકોટ પેએબલનો આપવાનો રહેશે. જે ટેન્ડરની સાથે જોડવાનો રહેશે. |
| ૭. | ઈ.એમ.ડી. ડિપોઝિટ (રિફંડેબલ) | રૂ.૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા) નો ડી.ડી. માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડના નામનો અને – રાજકોટ પેએબલનો આપવાનો રહેશે. જે ટેન્ડરની સાથે જોડવાનો રહેશે. |

ટેન્ડર મંજુર/ ના મંજૂર/ રી ટેન્ડર કરવાના તમામ હકકો, સત્તા અને અધિકાર માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડના મુખ્ય કાર્યપાલકશ્રીના રહેશે તેમજ ટેન્ડર પ્રક્રિયાના તમામ હકકો માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ અબાધિત રાખે છે. માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ પોતાના જરૂરિયાત મુજબ ટેન્ડર અથવા તમામ ટેન્ડરો કોઈપણ જાતના કારણ બતાવ્યા વગર રદ કરી શકશે. ટેન્ડરના લખાણનું અર્થઘટન માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડનું આખરી અને માન્ય રહેશે.

કોઈપણ તકરારનું ન્યાય અધિકાર ક્ષેત્ર માત્ર રાજકોટ રહેશે.

તા. ૨૮/૦૧/૨૦૨૩

મુખ્ય કાર્યપાલકશ્રી
માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ, રાજકોટ

# ઈન્સ્યુલેટેડ ટેન્કર દ્વારા દૂધ પરિવહન માટેનું અરજી પત્રક

તારીખઃ–....../....../.......

પ્રતિ શ્રી,

માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ,
ઉજો અને જથો માળ, સાકાર બિલ્ડિંગ,
રાજકુમાર કોલેજની સામે, ડો. રાધાક્રિષ્નનરોડ,
રાજકોટ–૩૬૦૦૦૧

સવિનય સહ જણાવવાનું કે માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ, દ્વારા નિર્ધારીત કરેલ ઈન્સ્યુલેટેડ ટેન્કર દ્વારા દૂધ પરિવહન સેવા માટે સૌરાષ્ટ્ર કચ્છના વિવિધ વિસ્તારમાં આવેલ કંપનીના દૂધ શીત કેન્દ્ર (બી.એમ.સી./સી.સી) (જુનાગઢ–ગીર સોમનાથ–જામનગર–પોરબંદર–અમરેલી–ભાવનગર–સુરેન્દ્રનગર– કચ્છ જીલ્લા માટે) થી સૌરાષ્ટ્ર કચ્છના પ્લાન્ટ / પાલેજ / મહેસાણા / સુરત તથા અન્ય વિસ્તાર સુધી દૂધ પરિવહન માટે કંપનીના ધારાધોરણો અને જરૂરિયાત મુજબ દૂધ પરિવહન સેવા આપવા સહમત છીએ અને દૂધ પરિવહનના ટ્રાન્સપોર્ટ માટે માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડના કોન્ટ્રાકટની શરતોને આધિન રહીને આ સાથે જોડેલ ભાવપત્રક મુજબ હુ/અમે મારું/અમારું વાહન ચલાવવા ટેન્ડર ભરુછુ/ભરીએછીએ.

૧. અરજદારનું નામ :–...............................................................................................

૨. કંપની/પેઢીનું નામ :–...............................................................................................

૩. કંપની/પેઢીનું સરનામુ અને પીન કોડ :–...................................................................

૪. અરજદારનું રહેણાંકનું સરનામું :–.......................................................................

૫. મોબાઈલ નંબર :–..................................................ઓફિસ નંબર...................................

૪. હાલનો વ્યવસાય :–...............................................................................................

૫. વાહનનો પ્રકાર અને સંખ્યા :–................................................................................
(જો વધુ સંખ્યા હોય તો અલગથી એક પત્રક બનાવી આ સાથે જોડવું)

૬. વાહનની ક્ષમતા (કેપેસીટી) આર.સી. બુક મુજબ :–.......................................................

૭. આધાર કાર્ડ નંબર (ઝેરોક્ષ કોપી લગાવવી) :– .............................................................

૮. પાન કાર્ડ નંબર (ઝેરોક્ષ કોપી લગાવવી) :–.............................................................

૯. બેંકનું નામ અને ખાતા નંબર :–...............................................................................

(અ) અગાઉ કયારેય માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ સાથે ટેન્કર ટ્રાન્સપોર્ટર કે અન્ય કોઇ પણ રીતે કામ કરેલ છે ? હા/ના.................. જો હા હોય તો તેની વિગત લખવી.......................................................................................................
જો ના હોય તો માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ કે અન્ય કંપનીના રેફરન્સ આપનાર અધિકારીનું નામ અને કોન્ટેક નંબર જણાવશો.......................................................................................................

(બ) શું આપ કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવો છો. ? જો હા તો વિગત લખવી..................................................

---

આથી હું ખાતરી પૂર્વક જાહેર કરું છું કે મને માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ કે અન્ય સરકારી /અર્ધસરકારી / સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા કયારેય પણ ગેરલાયક ઠરાવેલ નથી કે મારી ગેરલાયકાતનો સમય ચાલુ નથી. ઉપર જણાવેલ વિગતો મારી જાણ મુજબ સાચી છે અને જો તેમાં કોઈપણ વિગત ખોટી હશે તો તે અંગે માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડનો નિર્ણય મને બંધનકર્તા રહેશે.

અરજદારનું નામ.......................................................................................સહી અને સિકકો..........................................................

**નોંધઃ– તારીખ ૧૬/૦૧/૨૦૨૩ ના રોજ પ્રર્વતમાન ડીઝલના ભાવ પ્રતિ લિ. રૂ. ૯૧.૯૫ લેખે ગણતરી કરી અરજી પત્રકમાં રૂટનો ભાવ લખવો.**

# ઈન્સ્યુલેટેડ ટેન્કર દ્વારા દૂધ પરિવહન (ટ્રાન્સપોર્ટેશન) માટેનો ભાવ પત્રક

| ટેન્કરની ક્ષમતા અને KM ના આધારે ભાવ લખવો | | | | |
|---|---|---|---|---|
| ટેન્કર ની ક્ષમતા (KL) | ૦૧ થી ૧૬૦ KM | ૧૬૧ થી ૨૫૦ KM | ૨૫૧ થી ૫૦૦ KM | ૫૦૧ થી વધારે KM |
| ૧0000 KL સુધિના ભાવ | | | | |

| નીચે મુજબ ટેન્કરની ક્ષમતા અને KM ના આધારે, બેજ ૧0000 KL ના ગુણાંક માં ભાવ લખવો | | | | |
|---|---|---|---|---|
| ટેન્કર ની ક્ષમતા (KL) | ૦૧ થી ૧૬૦ KM | ૧૬૧ થી ૨૫૦ KM | ૨૫૧ થી ૫૦૦ KM | ૫૦૧ થી વધારે KM |
| બેજ ૧0000 KL ના ભાવ | | | | |

# ઈન્સ્યુલેટેડ ટેન્કર દ્વારા દૂધ પરિવહન (ટ્રાન્સપોર્ટેશન) માટે ટેન્ડરની શરતો

૧. કોન્ટ્રાકટ નો સમયગાળો ૧ વર્ષનો રહેશે. જો કામગીરી સંતોષકારક રહેશે તો વધુ સમયગાળા માટે કોન્ટ્રાકટ રિન્યુ થઈ શકશે.

૨. ટેન્કરના ઈન્સ્યુલેટેડ ટાંકાની દૂધ ભરાવાની ક્ષમતા સરકારશ્રીના નિયમો પ્રમાણની જ હોવી જોઈએ તથા જરૂરી પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૩. વાહનનો ગતિ–બતાવતો મીટર કાંટો ચાલુ હોવો જોઈએ.

૪. દરેક ટેન્કર વાહનમાં કંપની દ્વારા નકકી કરેલ **GPS, AI, OTP BASED Tanker Locking Device** લગાવાનું રહેશે. અને તેનું માસીક ભાડુ તેમજ **Device** ચાર્જ ટ્રાન્સપોર્ટરે ચુકવવાનો રહેશે.

૫. કંપનીના નિયમ મુજબ કિલોમીટર (ટ્રિપ દરમિયાન કિલોમીટર) ગણવામાં આવશે જેમા આવક–જાવક બંને બાજુના કિલોમીટરનો સમાવેશ થાય છે.

૬. વાહનના જરૂરી કાગળો તેમજ ડ્રાઈવરના લાયસન્સની ઝેરોક્ષ (નકલ) કંપની ઓફિસમાં જમા કરાવવાની રહેશે.

૭. કંપનીના નીતિ–નિયમો અનુસાર દૂધ ભરવાના સ્થળ તેમજ ખાલી કરવાના સ્થળે સમયાનુસાર વાહન પહોંચાડવાનું રહેશે.

૮. દૂધ પરિવહનમાં મુકવામાં આવેલ વાહનના ટાંકાની બનાવટ અંદર–બહાર થી સ્ટેનલેસ સ્ટીલનું ધારાધોરણ પ્રમાણે અને ઇન્સ્યુલેટેડ હોવું જોઈએ, ભરેલ દૂધમાં નોંધાયેલ તાપમાન કરતા ૨૪ કલાકમાં ૨ ડીગ્રી સેન્ટીગ્રેડ થી વધવુંના જોઈએ તેમ છતા જો કોઈ સમયે ઈન્સ્યુલેશન બરાબર નહી જણાય તો સદર ટેન્કરને દૂધ પરિવહનના ઉપયોગમાં લેવામાં આવશે નહી અને આવા ઈન્સ્યુલેશનને કારણે દૂધ ખરાબ થાય તો તે નુકશાનની રકમ ટ્રાન્સપોર્ટરના બીલમાથી કાપવામાં આવશે જો રકમ બીલ કરતા વધારે હોય તો તેની વસૂલાત ડીપોઝીટ તેમજ કાયદાકીય રીતે વસૂલ કરવામાં આવશે.

૯. કોન્ટ્રાકટમાં નકકી થયેલ રૂટનું વાહન જો કોઈ કારણસર બગડે કે ઉપયોગમાં લઈ શકાય તેમ ન હોય તો જે તે સમયે ટ્રાન્સર્પોટરે પોતાના નિયત રૂટમાં બીજા વાહનની વ્યવસ્થા તાત્કાલિક ધોરણે કરીને મોકલવાનું રહેશે તથા તે અગેંની સીધી જવાબદારી ટ્રાન્સર્પોટર ની રહેશે. જેની સત્વરે જાણ કરવાની રહેશે.

૧૦. ટ્રાન્સપોર્ટરે ટેન્કર વાહન સાથે તમામ કાગળો જેવા કે **FSSAI** સર્ટીફિકેટ તેમજ આર.ટી.ઓ. માં ભરેલ ફી/વેરા અને વીમાની નકલો સાથે રાખવાની રહેશે.

૧૧. ટ્રાન્સપોર્ટરે આર.ટી.ઓ.ના મોટર વ્હીકલ એકટ તથા જે તે સમયે અમલ થનાર સરકારશ્રીના કાયદાઓ અને નિયમોનું પાલન કરવાનું રહેશે અને તે અંગેની સંપૂર્ણ જવાબદારી ટ્રાન્સર્પોટરની રહેશે.

૧૨. કોઈપણ સંજોગોમાં આગોતરા પરમિટ, ફી કે અન્ય ટેક્ષ આર.ટી.ઓ.માં ન ભરવાને કારણે તથા સરકારશ્રીના ધારાધોરણ–નિયમ વિરૂધ્ધ ડ્રાઈવરના વર્તન વ્યવહાર અને બેદરકારીના કારણે રસ્તામાં પોલીસ દ્વારા રોકવામાં આવે કે પછી ડ્રાઈવરની બેદરકારીના લીધે તથા એવા કોઈપણ સંજોગોમાં દૂધની ગુણવત્તામાં ફેરફાર થાય કે બગડી જાય તો તેની સંપુર્ણ જવબાદારી ટ્રાન્સર્પોટરની રહેશે.

૧૩. ટ્રાન્સપોર્ટરે દૂધ વાહન દૂધ ભરવાના સમય કરતા એક (૧) કલાક પહેલા શીત કેન્દ્ર સ્થળે પહોંચાડવાનું રહેશે. જો નિયત સમય કરતા મોડું પહોંચશે તો કંપની તે માટે દંડ રૂપે (પેનલ્ટી) રૂા. ૫૦૦૦ /– સુધી વસૂલી શકશે.

૧૪. ટ્રાન્સપોર્ટરે દૂધ ભરવા માટે નકકી થયેલ વાહનમાં દૂધ શીત કેન્દ્ર થી ભરીને સુચના પ્રમાણેના સ્થળે (જુદી–જુદી ડેરી પ્લાન્ટ) સુધી કંપની દ્વારા નિયત કરેલા રૂટ થી જવાનું–આવવાનું રહેશે, તેમજ નિયત સમય મર્યાદામાં પહોચવાનું રહેશે, તેમ કરવામાં જો કોઈ કસુર થશે તો શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

૧૫. પરિવહન માટે નિયત સમય મર્યાદામાં ન પહોંચવાથી થયેલ દૂધની ગુણવત્તામાં ફેરફાર માટે અથવા તો દૂધ ખાટુ થવાની બાબતમાં ટ્રાન્સપોર્ટરે પાસેથી તેમના માસીક બીલ–ડીપોઝીટ માથી દંડનીય રકમ વસૂલવામા આવશે.

૧૬. દૂધ પરિવહન દરમિયાન જથ્થો કે ગુણવત્તામાં (વજન, ફેટ, એસ.અન.એફ) તફાવત તથા વાહન તથા ડ્રાઈવરની ગતિવિધી શંકાસ્પદ જણાશે તો તાત્કાલિક અસરથી દૂધ ટેન્કર વાહન બ્લેક લીસ્ટ કરી કોન્ટ્રાકટ રદ કરવામાં આવશેં.

૧૭. ટ્રાન્સપોર્ટર દ્વારા રાખવામાં આવેલ ડ્રાઈવર/માણસથી કંપનીની મિલ્કતો કે અન્ય કોઈ જાન માલ-મિલકતને નુકસાન થશે તો તે અંગેની તમામ જવાબદારી ટ્રાન્સપોર્ટરની રહેશે. જો કોઈ ફોજદારી કે દીવાની જવાબદારી ઉભી થાય તો તે અંગેની કોઈપણ જવબાદારી કંપનીની રહેશે નહી.

૧૮. ટ્રાન્સપોર્ટર ટેન્કરથી કોઈ અકસ્માત થાય અને તે કારણે કોઈપણ પ્રકારે ચૂકવવાપાત્ર થતા વળતર સહિતની તમામ જવાબદારી ટ્રાન્સપોર્ટરની રહેશે.

૧૯. ટ્રાન્સપોર્ટર દ્વારા રાખવામાં આવેલ ડ્રાઈવર/માણસનું ભારે વાહન ચલાવવાની યોગ્યતા મુજબનું અસલી ડ્રાઈવિંગ લાયસન્સ સાથે હોવું જોઈએ તેમજ કંપનીએ આપેલ માન્ય ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે.

૨૦. ટ્રાન્સપોર્ટર પોતે તેમજ નિયુકત કરેલ ડ્રાઈવર /માણસોએ કંપનીમાં તેમજ બી.એમ.સી. ના સ્થળે ચોખ્ખાઈ રાખવાની રહેશે, પાર્કિંગ વ્યવસ્થિત કરશે, સારૂ વર્તન કરશે, સ્વચ્છ/વ્યવસ્થિત યુનીફોર્મમાં આવશે તેમજ સમયે સમયે લાગુ પડતા અન્ય નીતિ નિયમોનું અચૂક પાલન કરવાનું રહેશે. પ્રતિબંધિત પદાર્થનું કે ધુમ્રપાનનું સેવન કરશે નહીં જેવા કે બીડી, સીગારેટ, ગુટખા, પાન કે અન્ય પદાર્થનું સેવન કરી શકશે નહી. કંપનીના અધિકારીઓની સુચનાઓનુ અવશ્ય પાલન કરવાનું રહેશે, જો આવી કોઈપણ બાબતનો ભંગ થયેલ માલુમ પડશે તો શિક્ષાત્મક / દંડનીય પગલા લઈ શકાશે તેમજ કરાર પણ રદ થઈ શકે છે.

૨૧. બીલનું ચૂકવણું બિલ તથા જરૂરી દસ્તાવેજ સાથે જમા કરાવ્યા બાદ ૨૦ દિવસમાં કરવામા આવશે.

૨૨. હાલના ડીઝલના **તા.૧૬/૦૧/૨૦૨૩** ના અનુસંધાને ભાવ **રૂ. ૯૧.૯૫** લેખે ગણતરી કરી ભાવ ભરવાનો રહેશે. તેમજ ડીઝલના ભાવમાં **૩** રૂપિયાથી વધારો–ઘટાડો થશે તે પ્રમાણે વાહનની પ્રતિ કિલોમીટરની એવરેજ મુજબ અલગથી પ્રતિ કિલોમીટરનો ભાવ વધારવામાં કે ઘટાડવામાં આવશે.

૨૩. ટ્રાન્સર્પોટરને જો કોન્ટ્રાકટ ફાળવવામાં આવે તો પ્રતિ વાહન મુજબ રૂ.૨૦,૦૦૦/**-** અંકે રૂપિયા વીસ હજાર પૂરા ડીપોઝીટ પેટે "માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ" માં જમા રાખવાના રહેશે.

૨૪. દૂધ પરિવહન માટેનો મરીન ઈન્સ્યોરન્સ ''માહી મિલ્ક પ્રોડયૂસર કંપની લિમિટેડ" દ્વારા લેવામા આવશે, જે વીમા–પ્રિમીયમની રકમ જે તે દૂધ વાહનના માસીક બિલમાથી કપાત કરવામા આવશેં. ટ્રાન્સર્પોટ પરિવહન દરમિયાન જો કોઈ અકસ્માત કે નુકસાન થશે તો તે નુકસાનની રકમ ટ્રાન્સર્પોટર પાસેથી વસૂલ કરવામાં આવશે ત્યાર બાદ જો મરીન ઈન્સ્યોરન્સના કલેઈમ દ્વારા કોઈ રકમ મંજૂર કરવામાં આવશે તો તે રકમ ટ્રાન્સર્પોટરને પરત કરવામાં આવશે. આ રકમ ટ્રાન્સર્પોટર પાસેથી વસૂલ કરેલ કરતા વધારે હશે નહીં.

૨૫. જુદા–જુદા પ્લાન્ટ ઉપર જતા દૂધ વાહનમાં દૂધની ગુણવત્તાની તપાસ માટે લેવાતા સેમ્પલ સમયે વાહનમાં પ્લન્જરીંગ (વલોવવું) કરવાની જવાબદારી ટ્રાન્સપોર્ટરની રહેશે.

૨૬. વાહનમાં દૂધની ગુણવત્તા જળવાઈ રહે તે માટે સમયાંતરે વાહનની અંદર–બહારની સંપૂર્ણ સફાઈ કરાવવાની જવાબદારી ટ્રાન્સપોર્ટરની રહેશે તેમજ કંપનીના અધિકૃત અધિકારી દ્વારા જયારે સુચવવામાં આવે ત્યારે ફરજીયાત પણે વાહનની સફાઈ કરવા માટે સર્વિસ સ્ટેશન પર સ્વખર્ચે જવાનું રહેશે તેમજ સફાઈનો ખર્ચ ટ્રાન્સપોર્ટરે ભોગવવાનો રહેશે.

૨૭. અધિકૃત અધિકારી દ્વારા સુચવવામા આવે ત્યારે પ્લાન્ટ/દૂધ શીત કેન્દ્ર થી બહારના વજન કાંટા ઉપર વાહનનો (ભરેલ–ખાલી) નો વજન કરવા માટે જવાનું રહેશે.

૨૮. કંપનીની પૂર્વ મંજુરી સિવાય કોન્ટ્રાકટમાં મુકરર કરેલ ટેન્કર વાહનને અન્ય કોઈ જગ્યાએ દૂધ પરિવહન માટેના કોન્ટ્રાકટમાં મૂકી શકાશે નહી, જો મૂકેલ માલુમ પડશે તો સદર ટ્રાન્સર્પોટરનો કરાર રદ કરવામા આવશે.

૨૯. દૂધ પરિવહન અન્વયે જો કોઈ કારણસર ટેન્કર ડેરી પ્લાન્ટમાં ખાલી ન થયું હોય તો આવા સમયમા ટ્રાન્સપોર્ટર અન્ય ટેન્કરની તુરંત વ્યવસ્થા કરવાની રહેશે અને નિયત સમય મર્યાદામાં જે તે કેન્દ્ર પર ભરવા મોકલવાનું રહેશે તેમ કરવામાં કસૂર થશે તો કંપની દ્વારા નકકી કરવામાં આવેલ દંડ ટ્રાન્સપોર્ટર પાસેથી વસૂલવામાં આવશે.

૩૦. ટ્રાન્સર્પોટરના દૂધ પરિવહનના કરાર અન્વયે આંશિક કે સંપૂર્ણ કામગીરી અન્યને પેટા કોન્ટ્રાકટ માટે આપી કે કરાવી શકાશે નહી. જો આમ કરતા માલૂમ પડશે તો તાત્કાલિક ધોરણે કરાર રદ કરી બીલ તથા ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૩૧. કોન્ટ્રાકટમાં રાખેલ વાહનમાં ડ્રાઈવર સિવાય બીજી અન્ય કોઈ વ્યકિત બેસાડવી એ દંડને પાત્ર થશે અને જો કોઈ અનિચ્છનીય બનાવ બનશે તો તે માટે કંપની જવાબદાર રહેશે નહી.

૩૨. વે–બ્રીજ ઉપર ભરેલ કે ખાલી ટેન્કરનું વજન કરાવતી વખતે ટેન્કરમાં કોઈપણ બિન જરૂરી સામાન કે વસ્તુ રાખવી નહી અન્યથા શિક્ષાત્મક પગલા ભરવામાં આવશે.

૩૩. ટ્રાન્સપોર્ટરને દૂધ પરિવહનના આવક–જાવકના કિલોમીટર મુજબ ભાવ ચૂકવવામાં આવતા હોઈ, કંપનીમાં જયારે બી.એમ.સી પર પાણીની સમસ્યા હોય તેવા કિસ્સામાં જો કંપની કહે તો પરત આવતા સમયે વપરાશ માટેનું પાણી લાવવા–લઈ જવાનુ થાય તો તે કોઈ વધારાના ચાર્જ વગર પરિવહન કરવાનું રહેશે.

૩૪. કોન્ટ્રાકટમાં મુકરર થયેલ વાહનમાં જયારે લોગો અથવા સ્ટીકર કંપની તરફથી લગાવવામાં આવે ત્યારે જણાવેલ સ્થળે વાહન લઈ જવાનું રહેશે. અને જો વાહનમાં અન્ય કંપનીના લોગો અથવા સ્ટીકર લગાવેલ હોય તો તેને તાત્કાલિક ધોરણે દૂર કરવાનું રહેશે. દૂધ વાહનમાં ''માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડનું" સ્ટીકર લગાવવામાં આવશે અથવા પેઈન્ટીંગ કરાવવામાં આવશે. વધુમાં કરાર રદ થવાના કિસ્સામાં તેમજ વાહન બરતરફ કર્યાના કિસ્સામાં કંપનીના લોગો અથવા સ્ટીકર તથા પેઈન્ટીંગ સ્વખર્ચે વાહન ઉપરથી ટ્રાન્સપોર્ટરે દૂર કરવાનું રહેશે.

૩૫. ટ્રાન્સપોર્ટરે દૂધના ટેન્કરમાં દૂધ સિવાય કોઈ અન્ય વસ્તુનું પરિવહન કરી શકશે નહી અને આમ કરતા માલૂમ પડશે તો કરાર રદ થયેલ ગણાશે અને તેનાથી માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડને થતા નુકસાન માટે પણ ટ્રાન્સર્પોટર જવાબદાર રહેશે.

૩૬. દૂધ પરિવહન દરમ્યાન રસ્તામાં કોઈ સમયે ટેન્કર વાહન બગડે કે અકસ્માત થાય તો તેવા સંજોગોમાં કોન્ટ્રાકટરે યોગ્ય વ્યવસ્થા કરી દૂધ નિયત સમયે અને સ્થળે નિર્ધારીત ગુણવત્તા તથા જથ્થા સાથે પહોંચાડવાનું રહેશે. આવા સંજોગોમાં ટ્રાન્સપોર્ટરે કંપનીમાં અધિકૃત અધિકારીને તુરંત જાણ કરવાની રહેશે.

૩૭. દૂધ પરિવહન દરમ્યાન શીત કેન્દ્ર/ડેરી પ્લાન્ટ સુધી આવતા–જતા ટેન્કર વાહનમા કંપનીની તમામ પ્રકારની જરૂરી વસ્તુ લઈ જવા–લાવવાની જવાબદારી ટ્રાન્સપોર્ટરની રહેશે.

૩૮. કાયદા–ધારાધોરણ મુજબ સરકારી / અર્ધ સરકારી પરવાનગી ટ્રાન્સપોર્ટરે જાતેજ મેળવી લેવાની રહેશે.

૩૯. દૂધ પરિવહન માટે વર્ષ ૨૦૧૫ પછીના પાર્સિંગ વાળા વાહનને જ માન્ય ગણવામાં આવશે, અન્યથા ટેન્ડર રદ કરવામાં આવશે.

૪૦. દૂધ પરિવહનમાં રાખવામાં આવેલ વાહન **RC** બુકમાં ટ્રાન્સપોર્ટર/કોન્ટ્રાકટર/કંપનીના નામે જ હોવું જોઇએ.

૪૧. દૂધ પરિવહનમાં રાખવામાં આવેલ ટેન્કરના ટાંકાની ક્ષમતામાં જો કોઈ ફેરફાર/વધ ઘટ કરવાની હોય તો આ અંગેની પરવાનગી લોજીસ્ટીક હેડની લેવાની રહેશે. પૂર્વ મંજૂરી વગર કોઈ ફેરફાર/વધઘટ કરી શકાશે નહી. તેમજ ફેરફાર કર્યા પછી ટાંકાની ક્ષમતા દર્શાવતું આર.ટી.ઓ. કચેરીનું સર્ટીફિકેટ રજૂ કર્યે જ ટેન્કરને પરવાનગી આપવામાં આવશે.

૪૨. દૂધ પરિવહન માટેના ટેન્કર વાહનમાં તાજેતરના સરકારશ્રીના નિયમ મુજબ–ભારે વાહનનું ડ્રાઈવિંગ લાયસન્સ, આર.સી.બુક, ફિટનેસ સર્ટીફિકેટ, પરમિટ, પી.યુ.સી, વીમો વગેરે જેવા અસલી કાગળો સાથે રાખવાના રહેશે.

૪૩. દૂધ પરિવહનની ફરજ દરમ્યાન કોઈ પોલીસ અધિકારી અથવા મોટર વાહન અધિકારી દ્વારા તપાસ કરતા જે ગુના મુજબનો દંડ/માંડવાળ ફી ની રકમ ભરવાની થાય તો તેના માટે ટ્રાન્સપોર્ટર જવાબદાર રહેશે. આથી આવા કારણોસર વાહન તેના પૂર્વ નિર્ધારીત સમય પર જે–તે સ્થળ પર મોડું પહોંચશે તો એ માટે ટ્રાન્સપોર્ટરની જવાબદારી રહેશે અને તે માટે કંપની દંડ લાદી શકે છે અને તેની કપાત ટ્રાન્સપોર્ટર બીલમાથી કરવામાં આવશે તેમજ વાંરવાર આવુ થવાના કિસ્સામાં કરાર રદ પણ થઈ શકે છે.

૪૫. દૂધ પરિવહન માટે સિઝન મુજબ દૂધની વધઘટ થતી હોય, જેને ધ્યાનમાં રાખીને વધારાના જરૂરી ક્ષમતા વાળા જેવા કે ૧૦૦૦૦/૧૫૦૦૦/૨૦૦૦૦/૨૫૦૦૦ **K.L.** ક્ષમતા ધરાવતા ટેન્કરો ટ્રાન્સર્પોટરે આપવાના રહેશે.

૪૬. **ટેન્કર** બીલનું ચૂકવણું ટેન્કર કેપેસિટી અને યુટિલાયઝેશન મુજબ કંપની દ્વારા નક્કી કરેલ ક્વાન્ટિટી ના સ્લેબ પ્રમાણે કરવા માં આવશે.

૪૭. ઉપરોકત નિયમ સિવાય કરારની તમામ શરતો ટ્રાન્સપોર્ટરે માન્ય રાખવાની રહેશે.

કવર

# માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડમાં –

# ઈન્સ્યુલેટેડ ટેન્કર દ્વારા દૂધ પરિવહન માટેનું ટેન્ડર

પ્રતિશ્રી,

માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ,

ઉજો અને જથો માળ, સાકાર બિલ્ડીંગ,

રાજકુમાર કોલેજની સામે, ડો.રાધાક્રિષ્નન્ રોડ,

રાજકોટ–૩૬૦૦૦૧

**મોકલનારઃ**

ટેન્ડર ભરનારનું નામઃ ....................................................

કંપનીનું/ટ્રાન્સપોર્ટનું નામઃ ....................................................

મોબાઈલ નંબર : ........................................................

સરનામું : ................................................................

...................................................................................

...................................................................................

ઈ–મેલ.........................................................................